**<u>ધી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ ( માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ –૨૦૦૫) અન્વયે સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર, આસીસ્ટન્ટ સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર, અને એપેલેટ ઓથોરીટીની નિમણુંક કરવા બાબત.</u>**

# ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ

ત્રીજા માળે, વહીવટી બિલ્ડીંગ, ગુજરાત હાઈકોર્ટ સંકુલ,સોલા, અમદાવાદ–૬૦.

વંચાણે લીધા :
1. સરકારશ્રીના કાયદા વિભાગના પત્રક્રમાંકઃ આરઆઈએ–૧૦૨૦૦૫–૪૭૩–ડી. તા. ૧૯.૯.૦૫
2. પંત્રક્રમાંકઃ (ફેક્ષધ્વારા) આઈઆઈએ– ૧૦૨૦૦૫–૪૪૭૩–ડી. તા.૨૨.૯.૦૫

**<u>કાર્યાલય આદેશ નંબર</u> : ગુ.રા.કા.સે.સ.મં./ ૨૪૫૯ /૨૦૦૫**

**<u>ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માનનીય કારોબારી અધ્યક્ષશ્રીની સુચના અનુસાર આથી તમામને સુચિત કરવામાં આવે છે કે :–</u>**

ભારત સરકારે ધી ફ્રીડમ ઓફ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૨ રદ કરીને ધી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ જાહેર કરેલ છે. પ્રસ્તુત કાયદો તા.૧૨.૧૦.૨૦૦૫ થી અમલમાં આવનાર છે. પ્રસ્તુત કાયદાની જોગવાઈઓના યોગ્ય અમલીકરણ માટે વહીવટી વિભાગ ધ્વારા આવશ્યક સુચનાઓ આપવામાં આવેલ છે. જે સુચના તથા પ્રસ્તુત કાયદાની જોગવાઈઓ મુજબ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ " પબ્લીક ઓથોરીટી " હોઈ તેની તમામ કચેરીઓ માટે પ્રસ્તુત કાયદાની કલમ–૫(૨)ની જોગવાઈ અનુસાર સ્ટેટ પબ્લીક ઈન્મર્ફેશન ઓફિસર( એસપીઆઈઓ), આસીસ્ટન્ટ સ્ટેટ પબ્લીક ઈન્મર્ફેશન ઓફિસર ( એસએપીઆઈઓ)તથા પ્રસ્તુત કાયદાની કલમ ૧૯(૧)ની જોગવાઈ અનુસાર એપેલેટ ઓથોરીટીની નીચે જણાવ્યા મુજબ નિયુકિત કરી હોવાનું આથી સુચિત કરવામાં આવે છે.

(૧) ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળની કેન્દ્રીય કચેરીના એપેલેટ ઓથોરીટી તરીકે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના સભ્ય–સચિવશ્રી રહેશે.

(૨) ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળની કેન્દ્રીય કચેરીમાં સ્ટેટ પબ્લીક ઈન્મર્ફેશન ઓફિસર (એસપીઆઈઓ) તરીકે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળની અમદાવાદ મુકામેની કચેરી ખાતે ફરજ બજાવતા પ્રોજેકટ ઓફિસરો રહેશે.

(૩) ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળની કેન્દ્રીય કચેરીના આસીસ્ટન્ટ સ્ટેટ પબ્લીક ઈન્મર્ફેશન ઓફિસર ( એએસપીઆઈઓ)તરીકે કેન્દ્રીય કચેરીના ઉપસચિવશ્રી રહેશે.

(૪) રાજયના દરેક જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના એપેલેટ ઓથોરીટી તરીકે જેં તે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષશ્રી રહેશે.

(૫) રાજયના દરેક જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના સ્ટેટ પબ્લીક ઈન્મર્ફેશન ઓફિસર (એસપીઆઈઓ) તરીકે જે તે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના સચિવશ્રી રહેશે.

(૬) રાજયના દરેક જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના તાબામાં આવેલ દરેક તાલુકા કાનુની સેવા સમિતિના આસીસ્ટન્ટ સ્ટેટ પબ્લીક ઈન્મફર્મેશન ઓફિસર (એએસપીઆઈઓ) તરીકે જે તે તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષશ્રી રહેશે.

(૭) જિલ્લા તથા તાલુકા સ્તરે નિયુકત કરવામાં આવેલ સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસરં તથા આસીસ્ટન્ટ સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસરના સંદર્ભમાં એપેલેટ ઓથોરીટી તરીકે આ અધિસુચનાના પેરા–૪માં દર્શાવેલ અધિકારી છે.

(૮) અમદાવાદ મુકામે સીટી સીવીલ અને સેશન્સ કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ અને તેમની તાબાની અદાલતો માટેની કાનુની સેવા સમિતિઓના સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર(એસપીઆઈઓ) તરીકે જે તે કાનુની સેવા સમિતિના સચિવશ્રી/ સુપ્રીટેન્ડન્ટ / સીનીયર કલાર્ક અને એપલેટ ઓથોરીટી તરીકે જે તે કાનુની સેવા સમિતિના અધ્યક્ષશ્રી રહેશે.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટસ તથા સ્મોલ કોઝીઝ કોર્ટસ

કાનુની સેવા સમિતિઓના સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર(એસપીઆઈઓ) તરીકે જે તે સમિતિના સચિવશ્રી તથા એપેલેટ ઓથોરીટી તરીકે જે તે સમિતિના અધ્યક્ષશ્રી રહેશે.

(૯) હાઈકોર્ટ લીગલ સર્વીસ કમિટીના સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર (એસપીઆઈઓ) તરીકે સમિતિના સચિવશ્રી તથા એપેલેટ ઓથોરીટી તરીકે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના સભ્ય–સચિવશ્રી રહેશે.

ઉપરોકત નિયુકિતઓ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવે છે.

આજ તારીખ ૩/૧૦/૨૦૦૫ના રોજ કચેરીનો સિકકો તથા સહી કરી જાહેર કરવામાં આવે છે.

THE GUJARAT STATE LEGAL SERVICES AUTHORITY ★AHMEDABAD★

(જયોત્સના યાજ્ઞિક)
સભ્ય–સચિવ.

તા.૩/૧૦/૨૦૦૫
અમદાવાદ.

## નકલ જાણ માટે સાદર રવાના :

૧. આદરણિય મુખ્ય સરક્ષકશ્રીના અંગત સચિવશ્રી.
૨. આદરણિય કારોબારી અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.
૩. માનનીય સભ્ય સચિવશ્રી, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ,નવી દિલ્હી. (અગ્રેજીમાં)
૪. માનનીય રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઈકોર્ટ.
૫. માનનીય સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## યોગ્ય અમલ માટે રવાના :

૧. તમામ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળો

તમામ એપેલેટ ઓથોરીટી, સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફીસર તથા આસી. સ્ટેટ પબ્લીક ઈન્ફર્મેશન ઓફીસરશ્રીઓને તેઓની અંગત નકલ આપવાની સૂચના સહ.

૨. અધ્યક્ષશ્રી તથા સચિવશ્રીઓ,

ગુજરાત હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ કાનૂની સેવા સમિતિ, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કાનૂની સેવા સમિતિ, સ્મોલ કોઝીઝ કોર્ટ કાનૂની સેવા સમિતિ તથા મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટસ કાનૂની સેવા સમિતિ જે તે સમિતિ માટે ઉપર જણાવ્યા પ્રમાણે નિયુકત થયેલ ઓફિસરશ્રીઓને તેઓની અંગત નકલ આપવાની સૂચના સહ.

૩. જાહેર પ્રસિધ્ધી માટે નોટીસ બોર્ડ.

૪. સિલેકટ ફાઈલ.

---